દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૭ જુલાઈ, ૨૦૨૬

# ભારતની પૂર્વમાં નવી કોરિડોર: ચીનની ખંધી ચાલથી સાવધ રહેવું પડશે

કનેક્ટિવિટીના બહાને ચીન દક્ષિણ એશિયામાં નવા એક વિસ્તારમાં પ્રભાવ વધારી રહ્યું છે અને આ વખતે તે ભારતની પૂર્વ દિશામાં છે . ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર( CPEC )માં અબજો ડોલર ઠાલવ્યા પછી, બેઇજિંગે હવે મ્યાનમાર થઈને ચીનને બાંગ્લાદેશ સાથે જોડતા આર્થિક કોરિડોરનો પ્રસ્તાવ મૂક્યો છે. અરબી સમુદ્ર સુધી પહોંચ મેળવ્યા બાદ ચીન હવે બંગાળની ખાડી સુધીના માર્ગ પર નજર નાખી રહ્યું છે. એક અહેવાલ મુજબ, બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાનની તાજેતરની બેઇજિંગ મુલાકાત દરમિયાન ચીને આ આંતરરાષ્ટ્રીય આર્થિક કોરિડોરનો પ્રસ્તાવ મૂક્યો હતો, જ્યાં ચીની પ્રમુખ જિનપિંગે દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવાના વ્યાપક પ્રયાસોના ભાગરૂપે આ વિચારને સમર્થન આપ્યું હતું. કાગળ પર, આ પ્રસ્તાવ હિતધારક દેશો માટે વધુ સારી કનેક્ટિવિટી, વેપાર અને મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટનું વચન આપે છે. બાંગ્લાદેશના અધિકારીઓએ જણાવ્યું હતું કે આનાથી વાણિજ્યને વેગ મળી શકે છે, તેમના બંદરોનું આધુનિકીકરણ થઈ શકે છે અને ચીનના બજારો સુધી પહોંચ સુધરી શકે છે. પરંતુ આ યોજના ભારત માટે વધુ એક મુશ્કેલ વાસ્તવિકતા ઉભી કરી શકે છે.

ભારતની પશ્ચિમે CPEC છે, જે પશ્ચિમ ચીનને પાકિસ્તાન દ્વારા ગેરકાયદેસર રીતે કબજે કરાયેલા ભારતીય પ્રદેશ એવા કથિત આઝાદ કાશ્મીર મારફતે બલૂચિસ્તાન સાથે જોડે છે. નવી દિલ્હીએ સતત આ પ્રોજેક્ટનો વિરોધ કર્યો છે, અને દલીલ કરી છે કે તે ભારતની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું ઉલ્લંઘન કરે છે કારણ કે તે ગિલગિટ-બાલ્ટિસ્તાનમાંથી પસાર થાય છે. જો કે, પ્રસ્તાવિત ચીન-મ્યાનમાર-બાંગ્લાદેશ કોરિડોર ભારતના કોઇ વિસ્તારમાંથી પસાર નહીં થાય, તે મ્યાનમારમાંથી પસાર થશે, પરંતુ ભારત માટે તો તે એક ચિંતા હશે જ, કારણ કે ખંધુ ચીન આ કોરિડોરના બહાને ભારતના પૂર્વ ભાગમાં પણ પોતાની પહોંચ ધરાવતું થઇ જશે. ભારત માટે, આ પ્રસ્તાવ પર નજીકથી ધ્યાન આપવું જરૂરી છે. એટલા માટે નહીં કે આ કોરિડોર ટૂંક સમયમાં બની શકે છે, પરંતુ એટલા માટે કે તે બંગાળની ખાડી અને તેની આસપાસ પોતાના વ્યૂહાત્મક પ્રભાવને વિસ્તારવાના બેઇજિંગના સતત પ્રયાસોને દર્શાવે છે. ચીન-મ્યાનમાર-બાંગ્લાદેશ કોરિડોરનો ચીનનો આ પ્રસ્તાવ મૂળ બાંગ્લાદેશ-ચીન-ભારત-મ્યાનમાર (BCIM) કોરિડોર અટકી ગયાના વર્ષો પછી આવ્યો છે. ભારત માટે બીજી ચિંતાની વાત એ છે કે આ કોરીડોર બર્મા એટલે કે હાલના મ્યાનમારમાંથી પસાર થશે, જે દેશ અત્યારે ગૃહયુદ્ધમાં ફસાયેલો છે અને કેટલાય વ્યૂહાત્મક વિસ્તારો હવે ત્યાંના લશ્કરી શાસનના અસરકારક નિયંત્રણમાં નથી. ચીન આ સ્થિતિનો લાભ ઉઠાવી શકે છે. ઉત્તર પૂર્વ ભારતના કેટલાક ઉગ્રવાદી સંગઠનો મ્યાનમારમાં આશરો લે છે અને ચીન તેમને ઉત્તેજન આપી શકે છે.

બાંગ્લાદેશ-મ્યાનમાર-ચીન આર્થિક કોરિડોર માટેનો પ્રસ્તાવ બેઇજિંગમાં જિનપિંગ અને બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાન વચ્ચેની વાતચીત બાદ જાહેર કરવામાં આવ્યો હતો. ઢાકા સ્થિત દૈનિક અખબાર પ્રથમ આલો ના અહેવાલ અનુસાર, રહેમાનના પ્રવક્તા મહદી અમીને જણાવ્યું હતું કે, “ત્યાં એક પ્રસ્તાવ આવ્યો હતો કે મ્યાનમાર થઈને બાંગ્લાદેશથી ચીન સુધી આર્થિક કોરિડોર કેવી રીતે સ્થાપી શકાય, તેમણે ઉમેર્યું કે આનો ઉદ્દેશ્ય “બાંગ્લાદેશના અર્થતંત્રનો વિસ્તાર કરવો, આર્થિક વ્યવહારો વધારવા અને મલ્ટિમોડલ પરિવહનને વધુ બહેતર બનાવવાનો છે. આ પ્રસ્તાવ ભારત વિના જ મ્યાનમાર થઈને ચીનના યુનાન પ્રાંતને બાંગ્લાદેશ સાથે જોડવાના વિચારને અસરકારક રીતે પુનર્જીવિત કરે છે. મૂળ BCIM ઈકોનોમિક કોરિડોરમાં ચીન, ભારત, બાંગ્લાદેશ અને મ્યાનમારને જોડતા રોડ, રેલ અને અન્ય પરિવહન લિંક્સની પરિકલ્પના કરવામાં આવી હતી. નિષ્ણાતોના મતે, આ અંગેની ચર્ચાઓ બેલ્ટ એન્ડ રોડ ઇનિશિયેટિવ (BRI) પહેલાની હોવા છતાં, ભારત બેઇજિંગના કનેક્ટિવિટી પ્રોગ્રામ સાથે જોડાવા માટે અનિચ્છા ધરાવતું હતું. ૨૦૧૯ ના બેલ્ટ એન્ડ રોડ ફોરમ પછી, BCIM સત્તાવાર ચીની પ્રોજેક્ટ સૂચિઓમાંથી વર્ચ્યુઅલી ગાયબ થઈ ગયું, અને ભારતે ક્યારેય BRIમાં જોડાણ ન કર્યું કારણ કે આ રૂટ ગેરકાયદેસર રીતે કબજે કરાયેલા ભારતીય પ્રદેશમાંથી પસાર થતો હતો. તાજેતરનો પ્રસ્તાવ એ ત્રણ દેશોનો વૈકલ્પિક માર્ગ છે જેને બંગાળની ખાડી સુધી પોતાની પહોંચ સુધારવા માટે બેઇજિંગના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે. તેને વ્યૂહાત્મક ચોક પોઇન્ટ, મલક્કાની સામુદ્રધુનીને બાયપાસ કરવાના પ્રયાસ તરીકે પણ જોઈ શકાય છે. ઢાકામાં, આ ચીની કોરિડોરને એક આર્થિક પહેલ તરીકે રજૂ કરવામાં આવી રહ્યો છે. મહદી અમીનના જણાવ્યા અનુસાર, ચર્ચામાં ચટ્ટગ્રામ( ચિત્તાગોંગ ) પોર્ટ અને મોંગલા પોર્ટના આધુનિકીકરણનો પણ સમાવેશ થાય છે. મોંગલા પોર્ટને અડીને આવેલા ઇકોનોમિક ઝોન માટેની જમીન મૂળભૂત રીતે ૨૦૧૫ ની દ્વિપક્ષીય પહેલ હેઠળ ભારત સમર્થિત પ્રોજેક્ટ માટે ફાળવવામાં આવી હતી. જો કે, મુહમ્મદ યુનુસના નેતૃત્વવાળી બાંગ્લાદેશની વચગાળાની સરકારે ૨૦૨૫માં આ પ્રોજેક્ટને યાદીમાંથી હટાવી દીધો હતો. તારિક રહેમાનની તાજેતરની બેઇજિંગ મુલાકાત દરમિયાન, ઢાકાએ આ આર્થિક ક્ષેત્ર વિકસાવવા માટે ચીનની સરકારી માલિકીની કંપની સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે એટલે બાંગ્લાદેશનું આ ઇકોનોમિક ઝોન વિકસાવીને પ્રભાવ વધારવાની તક પણ ભારતના હાથમાંથી નિકળી ગઇ છે. હવે આ નવી કોરિડોરના સળવળાટ બાબતે ભારતે સાવધાન રહેવું પડશે.

## મુશ્કેલીઓથી બચવા

ચાર્જિંગ પોઈન્ટ — હેતા ભૂષણ

એક ઝેન ગુરુ પાસે એક બહુ શ્રીમંત અને અહંકારી વેપારી આવ્યા અને ઝેનગુરુને થોડી ઉદ્ધતાઈ સાથે પૂછવા લાગ્યા કે, ‘મેં સાંભળ્યું છે કે તમે એકદમ જ્ઞાની છો અને દરેક પરેશાનીઓનો હલ દેખાડો છો તો જો સાચા જ્ઞાની હો તો મને એવો રસ્તો બતાવો કે માણસના જીવનમાં મુશ્કેલીઓ આવે જ નહિ,દરેક મુશ્કેલીઓથી બચવા શું કરવું જરૂરી છે.’

ઝેનગુરુ વેપારીના શબ્દો પાછળ રહેલો તેમનો અહંકાર અને ઉદ્ધતાઈ તરત પારખી ગયા હતા તેમણે કોઈ જવાબ ન આપ્યો પણ સામો પ્રશ્ન પૂછ્યો કે, ‘તમે પણ ઘણા હોશિયાર લાગો છો પહેલા તમે કહો કે જીવનમાં મુશ્કેલીઓથી બચવા શું જરૂરી છે??’ પેલા વેપારીએ રુઆબથી કહ્યું, ‘મારા મતે તો જો ગાંઠે ખુબ બધા પૈસા હોય તો મુશ્કેલીઓ દુર ભાગી જાય .....અરે મને તો લાગે છે કે પૈસા હોય તો જીવનમાં મુશ્કેલીઓ આવે જ નહિ.’ ઝેનગુરુ હસ્યા...વેપારીએ કહ્યું, ‘કેમ હસો છો, એમાં હસવા જેવું શું છે ??’ ઝેનગુરુ બોલ્યા, ‘મારા પ્રશ્નોનો જવાબ આપો ...તમારી પાસે ખૂબ પૈસા છે તો બધા જ સ્વજનો અને મિત્રો તમારી આજુબાજુ ફરતા હશે? તમને પ્રેમ કરતા હશે ?? તમારા નોકર તમારું માન રાખતા હશે પડ્યો બોલ ઝીલતા હશે??’ વેપારીએ કહ્યું, ‘ના સાવ ખોટું, મારા પરિવારજનો અને મિત્રો તો બધા મારાથી દુર ભાગે છે જે પાસે છે તે બધા લાલચુ અને ખુશામત ખોર છે મારે તેમનાથી ચેતતા રહેવું પડે છે.અને નોકરોની વાત ન કરો કોઈ ટકતા જ નથી.’ ઝેનગુરુ બોલ્યા, ‘મને લાગ્યું જ આવું જ હશે...’ વેપારીએ કહ્યું, ‘મેં તો આપને જણાવ્યું ન હતું છતાં કેમ તમને આવું લાગ્યું??’ ઝેનગુરુએ કહ્યું, ‘તમારી કડવી વાણી પરથી... તમે મારી સાથે જે રીતે ઉદ્ધતાઈથી વાત કરી રહ્યા છો એટલે જ મને સમજાઈ ગયું તમારા જીવનમાં ઘણી મુશ્કેલીઓ હશે જેનું એક માત્ર કારણ હશે...’ વેપારી વચ્ચે જ બોલી ઉઠ્યા, ‘કયું કારણ ???’ ઝેનગુરુએ કહ્યું, ‘વેપારી શેઠ, તમે એકદમ ઉદ્ધતાઈથી બોલો છો અને તમારી વાતમાં સતત અહંકાર છલકાય છે એટલે સમજાઈ જાય છે કે તમારો જીભ પર કાબુ નથી...અને જીવનમાં મોટાભાગની મુશ્કેલીઓ અને પરેશાનીઓ બેકાબુ જીભને કારણે જ સર્જાય છે અને સમજી લો કે જો જીભ પર કાબુ હશે તો અડધી પરેશાનીઓ દુર થઈ જશે.’ ઝેનગુરુએ રોકડું પરખાવ્યું અને સાચી સમજ આપી.વેપારી નીચું જોઈ ગયા

# શાળા-કોલેજોમાં તરુણોને “પોસ્કો” કાયદા વિષે ખાસ માહિતગાર કરવાની જરૂર છે

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

**કાયદો હોય એટલે તેના સારા અને નરસા અનુભવ થાત જ**

અંતે સુપ્રીમ કોર્ટે પણ સરકારનું ધ્યાન દોરવું પડ્યું કે સગીર બાળકોના શારીરિક શોષણના ગુનાઓમાં જ્યારે બન્ને પાત્રો સમવયસ્ક હોય અને ગુનો તરુણાવસ્થા ના આવેગોમાં બન્યો હોય તો તેનો અલગ વિચાર કરવો પડે ..

ભારતમાં નાની ઉમરની છોકરીઓના શારીરિક શોષણના કિસ્સાઓ ખુબ વધવા લાગ્યા અને જઘન્ય અપરાધ સામે દેશભરમાં આક્રોશ પણ ફેલાયો, એટલે સરકારે નાની બાળકીઓના શારીરિક શોષણનો ગુનો થાય ત્યારે ખાસ કાયદા દ્વારા ગુનેગારોને સજા આપવાનું નક્કી કર્યું . “પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ ૨૦૧૨”. અઢાર વર્ષથી નાની વયના બાળકો ને જાતીય શોષણના કિસ્સામાં ખાસ રક્ષણ પૂરું પાડે છે અને ગુનેગારો સાથે કડકાઈથી વર્તે છે ,વળી આમાં છોકરી જો નાની ઉમરની છે તો તેને ભોળવી પટાવીને આચરવામાં આવેલો ગુનો પણ દુષ્કૃત્ય જ ગણવામાં આવેછે. ભલે તે સંમતી થી આચરવામાં આવ્યું હોય .

ભારતમાં સ્ત્રીઓ તરફ આચરતા ગુનાઓ અને તેમના આર્થિક શારીરિક શોષણનો લાંબો ઈતિહાસ છે. સ્ત્રી કોઈપણ જ્ઞાતિની હોય ,ધર્મની હોય કે કોઈ પણ ઉમરની હોય તેને શોષણ કે ત્યાચારનો ભોગ ગણવાનું થાય છે. અને સ્ત્રી ને કોઈ પણ ઉમરે અત્યાચારનો ભોગ બનવું પડે છે . કાયદો હોય એટલે તેના સારા અને નરસા અનુભવ થાય જ . છટકબારીઓ અને અર્થઘટનના વિવાદ થાય જ .

પોસ્કો- એક ઉપયોગી કાયદો હોવા છતાં તેમાં એક મુદ્દો સૌથી ચર્ચા સ્પદ બન્યો છે તે છે તરુણ બાળકો વચ્ચે શારીરિક સમ્બન્ધ ! . આ કાયદા મુજબ જો અઢાર વર્ષથી નાની ઉમરના છોકરો અને છોકરી શારીરિક સમ્બન્ધ બાંધે તો તે ગુનો છે અને આ ગુનામાં છોકરો અઢાર વર્ષનો થાય પછી તેને સજા ભોગ્વાવવી પડે છે એટલે અણસમજ માં ને ઉમરના આવિગમાં થયેલી ભૂલ પણ મોટો ગુનો બને છે . ભરતમાં વ્યાપક જાતિવાદ અને સામાજિક રુધિ ના કારણે સંમતી થી બાંધેલા સમ્બન્ધને પણ ઘરના વડીલો બળાત્કાર ની ફરિયાદમાં ફેરવી દે છે. અને નાની ઉમરનો છોકરો પણ મોટો ગુનેગાર બને છે .

સરકાર જો બાળકીઓ પરના અત્યાચારો ખરેખર ઘટાડવા માંગતી હોય તો તેણે પોસ્કો ની માહિતી દરેક શાળા કોલેજમાં ફેલાવવી જોઈએ આ જાગૃતિ તરુણો માં આપવી જરૂરી છે આજે તરુણોમાં પુખ્તતા વહેલી આવે છે માધ્યમોમાં ઉત્તેજક કન્ટેન્ટ વધતું જાય છે આ સન્દર્ભમાં છોકરા છોકરીઓ મર્યાદા વટાવી જાય છે .અને પુખ્ત થયા પહેલા જ સંબંધ બાધી બેસે છે . આપણે ધોરણ નવ થી બારના વિદ્યાર્થીઓ અને વાલીઓ સુદ્ધિ આ વાત પહોચાડવી પડશે કે બન્ને જણાએ સંમતી થી સંબંધ બાધ્ય હોય તો પણ નાની ઉમરની છોકરી સાથે સ્મ્બંધ બનાવનાર છોકરો ગુનેગાર ગણાશે ,ભલે તે પણ અઢાર વર્ષનો ના હોય !! અન એમાટે તેને વીસ વર્ષ જેલમાં રહેવાનો વારો આવી શકે છે .

“પોસ્કો”માં મૂળ વિચાર મોટી ઉમરના અને સ્થાપિત હિત બનેલા પુરુષો દ્વારા નાની ઉમરની છોકરીઓના શારીરીક શોષણ ના કિસ્સામાં ગુનેગારને કડક સજા આપવાનો હતો સાથે સાથે સમાજના આગેવાન જૂથના લોકોના નાના યુવાનો પણ પોતાની વગ અને દાદાગીરી થી નાની બલાઓ ને હેરાન કરે છે તેને પણ સજા મળવી જરૂરી છે તે વિચારે આ કાયદાને ઘડવામાં આવ્યો છે એટલે કાયદાની કલમોમાં ફેરફાર કરવા કરતા તરુણોમાં સમજણ ફેલાવવાની જરૂર છે.

દુનિયાના અત્યંત પ્રગતિશીલ દેશો પણ અઢાર વર્ષથી નાની ઉમરના છોકરા છોકરીમાં શરીર સમ્બન્ધ ને માન્ય કરતા નથી માટે શાળાઓ માં જઈ જઈ ને સમજવું જરૂરી બન્યું છે કે છોકરા છોકરીઓ આવેગોને કાબુમાં રાખતા શીખે અને પુખ્ત ઉમર પહેલા મર્યાદા ના ઓળંગે નહીતો છોકરાઓ ની જિંદગી શરુ થતા પહેલા જ કેદ ખાનું નક્કી થઈ જશે .

આજે ગુજરાતના અનેક ગામડાઓમાં સામાજિક આર્થિક પછાત વર્ગના નાની ઉમરના છોકરા છોકરીઓ માં ફિલ્મી પ્રેમ અને તેમાંથી સર્જાતા પ્રશ્નો ના કારણે પોસ્કો ના એવા કિસ્સાઓ સામે આવ્યા છે જ્યાં ગુના નું કારણ માત્ર અણસમજ છે. મૂળ કાયદો પણ આ લોકો ને લાગુ પડશે તે કોઈએ વિચાર્યું ના હતું અને પરિણામે આજે અનેક એવા કિશોર છે જેઓ અઢાર વર્ષ પુરા થશે એટલે સીધા જેલમાં જશે !! માટે જાગો અને નિર્દોષ તરુણો આ ગંભીર ગુનાના ગુનેગાર ના બને તે ની સમજણ ફેલાવો.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# રાજકપૂર અભી ભી જિંદા હૈ..!

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’

**રાજ કપૂર સાહેબના ફિલ્મી ગીતો આજે પણ લોકોના દિલોદિમાગમાં જીવંત છે**

કોઈને ‘માતાજી’ આવે, એ સારી વાત છે. શ્રધ્ધાનો વિષય છે, એટલે છેક હસવા હસાવવાને રવાડે તો નહિ જવાય પણ માતાજી આવે ત્યારે, તેમની હાલત જોઇને પરસેવાન જરૂર થઇ જવાય. જાતક પોતાની મૂળભૂત ભૂમિકામાંથી એવાં બહાર નીકળી જાય કે, આપણને દયા ફૂટી નીકળે, પણ કરીએ શું..? શ્રદ્ધાની વાત છે ને..? એટલે ઝાઝી ટિપ્પણ તો નહિ થાય. અમારા ચમનિયાની વાઈફને આવું ઘણી વાર થાય. વડસાવિત્રીના દિવસે પૂજા કરતાં કરતાં માતાજી આવી ગયેલાં બોલ્લો..! ઘણી વાર તો માતાજી આવે ત્યારે, ચમનિયાના માથે હાથ ફેરવીને ઉદાર ભાવે કહી દે કે, ‘માંગ..માંગ, જે માંગે તે આજે આપી દઉં..!’ સિક્ષ-પેક જેવી ચમનિયાની બોડી ભલે હોય, પણ આવું સાંભળે ત્યારે બોડી પણ સિક્ષ પેક ઉપરથી ‘ડાઉન’ થઇ જાય. હવા ભરેલા ફુગ્ગામાંથી હવા નીકળી જાય ને ફુગ્ગાની જે વલે થાય, તેવી હાલત ચમનિયાની થઇ જાય. પણ શ્રધ્ધાની વાત હોય ત્યારે, મગજ સાથે મગજમારી કરે કોણ..? વાઈફને પણ સાષ્ટાંગ પગે લાગે. પણ મૂળમાં તોફાની મિજાજ ખરો એટલે, એક વાર તો હિંમત કરીને કહી જ દીધું કે, ‘માતાજી, આપવા જ બેઠાં છો તો, મને છૂટાછેડા અપાવી દો..!’

આમ જુઓ તો, બંને વચ્ચે લાકડે માંકડું જ ગોઠવાયેલું. ચંચીને માતાજી આવે, ને ચમનિયાને પિતાજી આવતા હોય એમ, શરીરમાં રાજકપૂર સાહેબ આવે...! રાજકપૂર સાહેબના કોઇ પણ ગાયન વાગે એટલે, શરીરમાં ધ્રુજારી છૂટવા માંડે. એવી છૂટે કે, નરગીસ કે વૈજયંતીમાલાની જરૂર જ નહિ પડે, નરગીસને બદલે, નર્મદા ને વૈજયંતીમાલાને બદલે પાદરની વનિતાને લઈને પણ, ઝૂમવા માંડે કે ‘આ જા સનમ મધુર ચાંદનીમેં હમ...!’એવો રસિકડો...! એના કપાળમાં કાંદા ફોડું..!

રાજકપૂર સાહેબનાં ફિલ્મી ગીતો આજે પણ લોકોના દિલોદિમાગમાં જીવંત છે. તેઓ માત્ર એક અભિનેતા જ નહિ, નિર્માતા અને દિગ્દર્શક પણ ખરા. ભારતીય સિનેમાના “શોમેન” (Showman) અને ઈન્ડિયન “ચાર્લી ચેપ્લિન” હતા. માત્ર ભારતમાં જ નહિ, સોવિયેત યુનિયન અને મધ્ય પૂર્વમાં પણ ડંકો વાગતો. ત્યારે ચમનિયાને મહોલ્લાના કૂતરા પણ નહિ ઓળખે..! જુએ ત્યાંથી ભસે..! ચાર્લી ચેપ્લિનની છાંટ હોવાથી, તેમની ફિલ્મોમાં સામાન્ય માનવીની વેદના, સંઘર્ષ અને પ્રેમનું મિશ્રણ હતું. ભૈઈઈઇ..આ બધું જ તમે જાણતા હોવા છતાં, એટલા માટે પુનરાવર્તન કરું છું કે, રાજકપૂર સાહેબના વિલય પછી, ચમનિયો પોતાની જાતને જ હવે રાજકપૂર સાહેબનો અવતાર માને છે. (ફરી પાછું હીહીહીહી કર્યું..? હસવાની વાત નથી બોસ!) રાજકપૂર સાહેબે જ્યારે દુનિયાને અલવિદા કરી ત્યારે, ચમનિયો ખૂબ રડેલો. જાણે R.K. studioની બધી જવાબદારી ચમનિયા ઉપર નહિ આવવાની હોય..? (ફરી પાછા હસ્યા..? હસવાની વાત નથી યાર..!)

રાજકપૂર સાહેબનો પણ શું એક જમાનો હતો? અત્યારની માફક ત્યારે વાઈફનો કે પ્રેયસીનો ફોટો વોલેટમાં નહિ રાખતા. ખિસ્સામાં હીરો-હિરોઈનના ફોટા વધારે રાખતા. નોટબુકમાં હીરો હિરોઈનના ફોટા રાખવાથી વિદ્યા વધવાની કોઈ ગેરંટી નહિ હોવા છતાં, હીરો કે હીરોઈનનો ફોટો નોટબુકમાં છુપાવીને રાખવાનો વિદ્યાર્થીઓમાં એક ‘ક્રેઝ’ હતો. કહેવાનો મતલબ દેવી-દેવતાની માફક હીરો-હિરોઈનના ફોટાની પણ ‘વેલ્યુ’ હતી. છોકરાનાં નામ, દિલીપકુમાર ઉપરથી દિલીપ, રાજેન્દ્રકુમાર ઉપરથી રાજેન્દ્ર, મનોજકુમાર ઉપરથી મનોજ, સંજીવકુમાર ઉપરથી સંજીવ અને રાજકપૂર ઉપરથી રાજ જેવાં નામ પાડવામાં આવતાં. આજે તો એવાં નામ પાડે કે, જેના કોઈ અર્થ જ નહિ નીકળે. એટલું જ નહિ, સાધનાની, મુમતાઝની, કુમકુમની, હેલનની હેર સ્ટાઈલ અને દેવાનંદનો કોલર ઘરઘર સુધી પહોંચેલો. લોકો વટમાં રહેતા યાર..? સમયે એવી કરવટ બદલી કે, હવે ATM કાર્ડ, પાનકાર્ડ-આધારકાર્ડ-લાયસન્સ કે વાઈફનો ફોટો જ રાખતા થયા. એક ફટીચર તો, નહિ ભગવાનનો, નહિ કોઈ અભિનેતાનો, નહિ કોઈ નેતાનો, પાકીટમાં માત્ર વાઈફનો જ ફોટો રાખે. મેં તો કહ્યું કે, ‘તારી વાઈફ માટે તને ખૂબ પ્રેમ છે, એ વાત સાચી, પણ વોલેટમાં ભગવાનનો ફોટો પણ રખાય..! મને કહે, ‘ એ બધો આસ્થાનો વિષય છે. અમુક જગ્યાએ મને મારી વાઈફ જ કામ આવી છે. ‘જ્યારે જ્યારે પણ મારા ઉપર કોઈ મોટી મુસીબત આવી છે ત્યારે મારા વાઈફના ફોટાએ જ મને હિંમત આપી છે. વાઈફનો ફોટો જોઈ લઉં એટલે, મારો આત્મવિશ્વાસ વધી જાય. આત્માનો અવાજ ચિચિયારી પાડવા માંડે કે, ‘લલ્લુ, આના કરતાં તો બીજી કોઈ મોટી મુસીબત નથી..! આ તો એક ગમ્મત..!

શીઈઈઈટ...વાત આડે પાટે વટી ગઈ..! મારે વાત તો રાજકપૂર સાહેબની કરવી છે. ખરેખર રાજકપૂર સાહેબની શારીરિક કેમેસ્ટ્રી ભગવાને અદ્ભુત બનાવી છે..! ચમનિયામાં એસેસરી બધી ફીટ કરેલી પણ બંને વચ્ચે આમલી અને આંબા જેટલો ફરક..! આંખો બંનેની માંજરી, ફરક એટલો કે ચમનિયાની આંખ બનાવતી વખતે કેમેરો હલી ગયેલો હોય, ડાબી આંખ થોડી ત્રાંસી..! સ્ટુડીઓમાં આજે પણ ફોટો પડાવવા જાય ત્યારે કેમેરામેને ખાસ કહેવું પડે કે, ‘ચમના, મારી બાજુ જુઓ, બાજુમાં ડફોળિયાં નહિ મારો..! મંદિરમાં ભગવાનનાં દર્શન કરવાં હોય તો પણ, પહેલાં આંખ સેટ કરવી પડે, એટલો ત્રાંસો..! વળી આંખ એટલી ‘ઝીણી’ કે ચમનિયો ચાઈનાનો છે કે અહીંયાનો તે નક્કી જ નહિ થાય. ધારી ધારીને જોવું પડે. પણ નજર બહુ ધારદાર. સોયમાં દોરો પરોવવા માટે લોકો આજે પણ એને ભાડે લઇ જાય બોલ્લો..! જ્યારે રાજકપૂર સાહેબની આંખો થોડી મોટી અને અભિવ્યક્તિથી ભરેલી. આંખોમાંથી જ ‘ડાયલોગબાજી’કરતાં હોય એવું લાગે. બાકી, બંનેના હાસ્યમાં પણ ફરક. રાજકપૂર સાહેબના ચહેરા ઉપર નકરું નિર્દોષ ‘હાસ્ય’હોય, એટલે ચહેરો મોહક લાગતો. ભલભલા(લી) મોહી પડતા. જ્યારે ચમનિયાનો ચહેરો એટલે, તૂટેલા તડવાળા અરીસા જેવો. હસવા બેઠો તો, રાવણના અટ્ટહાસ્યને પણ પાછળ મૂકી દે..! પણ રાજકપૂર સાહેબનું નામ પડે એટલે, રાજકપૂર સાહેબની જેમ માથે ‘હેટ’ ચઢાવીને નીકળી પડે. તત્કાળ એનામાં શ્રી ૪૨૦ અને આવારાની મસ્તી ભરાવા માંડે. આવું બધું પહેરીને નીકળે ત્યારે ખેતરનો ચાડિયો સિટીમાં શોપિંગ કરવા નીકળ્યો હોય એવો લાગે. કહેવું તો ના જોઈએ, આજે પણ એના ઘરની દીવાલો, ઉકલી ગયેલા ડોહાઓના ફોટાને બદલે, રાજકપૂર સાહેબના ફોટાથી ઢંકાયેલી છે.

સૌનો દાયકો બદલાય એમ, ચમનિયાનો દાયકો પણ બદલાયો. રાજકપૂર સાહેબ જીવતા હતા ત્યાં સુધી, લોકો એને ‘ચમન-રાજ’થી ઓળખતા. હવે સિમ્પલ ‘ચમનિયો’કે ‘ચમના’તરીકે એ ઓળખાય છે દાદૂ...! સમય સમય બલવાન હૈ મામૂ..! ગીતામાં ભગવાને કહ્યું જ છે ને કે, એક સરખો સમય ક્યાં કોઈનો રહે છે? સમય પરિવર્તનશીલ છે. ખરેખર રાજકપૂર સાહેબ માત્ર એક અભિનેતા નહિ, પણ એક સંસ્થા હતા અને ચમનિયાના પ્રેરક હતા. આજે પણ ચમનિયાને જોઉં ત્યારે લાગે કે, ‘રાજકપૂર અભી ભી જિંદા હૈ..!

**લાસ્ટ બોલ**

ચમનિયાએ એક દિવસ મારી આગળ એવી બદામ ફોડી કે, રાજકપૂર સાહેબની ‘આવારા’ ફિલ્મનું પેલું ગીત મને બહુ ગમે. ‘બહારોં ફૂલ બરસાઓ, મેરા મહેબુબ આયા હૈ..!’ મેં કહ્યું ખટમલ આ ગાયન તો સુરજ ફિલ્મનું છે..!

હા, પણ.. આવારા ફિલ્મ જોવા ગયેલો ત્યારે ઇન્ટરવલમાં વાગતું હતું.

તારા કપાળમાં કાંદા ફોડું...!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સમયને સાચવતાં શીખો

જો તમે સમયને સાચવશો તો સમય તમને સાચવશે. કોઇ પણ સ્થળે તમને આપેલા નિર્ધારિત સમયે પહોંચો તો જ બરાબર નહીંતર તકલીફ થશે. હમણાં લેવાયેલી રીનીટની પરીક્ષામાં એક વિદ્યાર્થિની કોઇ કારણવશ ફકત પાંચ જ મિનિટ મોડી પહોંચી અને એ જયારે પહોંચી ત્યારે ગેટ બંધ થઇ ગયા હતા એટલે એને પ્રવેશ મળ્યો નહીં અને આ કારણે એણે એક વરસ સુધી હવે નીટ પરીક્ષાની રાહ જોવી પડશે. એ વિદ્યાર્થિનીએ ઘણી આજીજી કરી પણ ગેટ ન ખોલાયો તે ન જ ખોલાયો.

અગાઉથી પરીક્ષાને લગતા જે નિયમો જાહેર કરાયા હતા તેનું ચુસ્તપણે પાલન થઇ રહ્યું છે ત્યારે તેનો કોઇ અનાદર તો ન જ કરી શકે. આમ, ભૂલ તો પેલી મોડી પડેલી વિદ્યાર્થિનીની જ ગણાય. એણે નિયત સમય કરતાં એક કલાક વહેલાં ઘરેથી નીકળવું જોઈએ. પરંતુ કાંઇ વાંધો નહીં.

હવે આ અનુભવ પરથી એને શીખવા મળશે અને એ પોતે કાળજી રાખશે તથા નિર્ધારિત સમય કરતાં વહેલાં પહોંચવાનો પ્રયત્ન જરૂર કરશે.

સુરત - શીલા ભટ્ટ

## વિશિષ્ટ અને આગવી શૈલીમાં ડાયલોગ બોલનાર કલાકાર

8/10/1926ને દિવસે જેમનો જન્મ થયેલો અને અત્યંત આગવી અને વિશિષ્ટ શૈલીમાં ડાયલોગ બોલીને દરેકને પ્રભાવિત કરનાર ફિલ્મ કલાકાર રાજકુમારના કેટલાક મશહૂર ડાયલોગ : જાની,હમ તુમ્હેં મારેંગે ઔર જરૂર મારેંગે,લેકિન વો વક્ત ભી હમારા હોગા,બંદૂક ભી હમારી હોગી ઔર ગોલી ભી હમારી હોગી ( ફિલ્મ : સૌદાગર ) આપકે પાંવ દેખે બહુત હસીન હૈ,ઈન્હેં ઝમીન પર મત ઉતારીયેગા,મૈલે હો જાયેંગે ( ફિલ્મ : પાકીઝા) ચીનાય શેઠ,જિનકે ઘર શિશેકે હોતે હૈ,વો દૂસરોં પર પત્થર નહી ફેંકા કરતે (ફિલ્મ:વક્ત). હમ આંખોસે સુરમા નહી ચુરાટે,હમ આંખે હી ચુરા લેતે હૈ ( ફિલ્મ : તિરંગા). ફિલ્મ મધર ઈન્ડિયાએ રાજકુમારને એક નવી ઓળખ આપી.આ ફિલ્મમાં તેમણે નરગીસના પતિ શામનું પાત્ર ભજવ્યું હતુ.ત્યાર બાદ તેમણે ક્યારેય પાછુ વળીને જોયુ નથી. અંતિમ વિદાય : રહસ્યમય મ્રુત્યુ :- રાજકુમારને ગળાનું કેન્સર થયુ હતુ,પરંતુ તેઓ નહોતા ઈચ્છતા કે તેમની બીમારીની દુનિયાને ખબર પડે,તેમણે પોતાના પરિવારને સખત સૂચના આપી હતી કે તેમના મ્રુત્યુના સમાચાર મીડિયા કે ઈન્ડસ્ટ્રીને ત્યારે જ આપવામાં આવે જ્યારે તેમના અંતિમ સંસ્કાર પૂર્ણ થઈ જાય.3/7/1996ના રોજ 69 વર્ષની વયે આ મહાન અભિનેતાએ દુનિયાને અલવિદા કહ્યુ હતુ.તા.3 જુલાઈની તેમની પુણ્યતિથિ પર તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરીએ. તેમની યાદગાર ફિલ્મોની યાદી : - પૈગામ,વક્ત,પાકીઝા, સૌદાગર,તિરંગા,દિલ એક મંદિર,કાજલ^ફૂલ બને અંગારે,હમરાઝ,દિલ અપના પ્રિત પરાઈ,જંગબાઝ,મેરે હજૂર.

સુરત - સુરેન્દ્ર દલાલ

## વન વે નું પાલન કરાવવા દંડ ફટકારવો જરૂરી નથી

અલથાનમાં આવેલી ખાડી ના બન્ને કિનારે રોડ બનાવવામાં આવ્યા છે રોડ સાંકડા હોય સંભવિત અકસ્માત ન થાય તે માટે વનવે કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું તે મુજબ હાલ રોડ પર વન વેના બોર્ડ લગાડવામાં આવ્યા છે પરંતુ બોર્ડ લગાડવાથી લોકોની રોજીંદી ટેવ એકાએક જતી નથી લોકોની સલામતી માટે વનવે નુ પાલન કરાવવા માટે ટ્રાફિક પોલીસે લોકોને સમજ આપી ને રોડ વન વે વપરાશમાં આવે તે મુજબ કાર્યવાહી કરવી જરૂરી છે કેમેરાવાળી ગાડી મૂકીને દંડ વસૂલ કરવો એ લોકોને હેરાન કરવા બરાબર છે લોકોને વનવેનુ પાલન કરવાની સલાહ સમજ આપવી જરૂરી છે થોડા દિવસ ટ્રાફિક પોલીસ કર્મીઓ લોકોને વનવે નુ પાલન કરવા સમજાવે તો વાહન ચાલકો આપોઆપ વનવે નુ પાલન કરતા થઈ જશે વન વે નું પાલન કરાવવા દંડ ફટકારવો જરૂરી નથી માત્ર સમજ આપવી જ જરૂરી છે

સુરત - વિજય તુઈવાલા

## સુરતી રસ્તાનો લોચો

હજું તો વરસાદના ઝાપટા પડ્યા અને રસ્તાઓમાં લોચા લબાચા જોવા મળ્યા ગટરો ઊભરાવા લાગી અને રસ્તા પર પાણી ભરાવા લાગ્યા છે. ડાઈડ્રોલીક વિભાગ અને ટ્રેન્ચોની કામગીરીની ગુણવતા આટલી બધી બે કાળજી, જવાબદાર એજન્સીઓને નોટીસ આપીને મામલો રફે દફે નય થાય એમને ટેન્ડર પુરા પૈસા વસુલાત કરવામાં આવે તો બીજીવાર આવા લોચાનય પડે. કોઈ કામ જવાબદારી નય થાય તો તેનો હિસાબ માગો સ્માર્ટસીટીમાં આવી ગેરવર્તુણ નહી સાખી લેવી જોઈએ ઈન્ફાસ્ટ્રકચર મજબુત હશે તોજ આપડુ સુરત ને-1 કહેવાશે આખા સુરતમાં પહેલો વરસાદે પોલ ખોલી નાખી છે તો આખું ચોમાસું આપડા સુરતીઓના હાલ શું થશે.

સુરત - તૃષાર શાહ

## સંસ્કૃતિ અને આધુનિકતાનો સમન્વય

ભારત દેશ બિનસાંપ્રદાયિકતાની સાથે સાથે વિશ્વની શ્રેષ્ઠ ભાતિગળ સંસ્કૃતિ ધરાવતો દેશ છે જ્યાં વિવિધ વિભિનતા હોવા છતાં સમભાવથી વસવાટ કરે છે પૂર્વજો દ્વારા પ્રાપ્ત થયેલો અમૂલ્ય વારસો અને એમાં પણ પ્રાપ્ત થયેલી પ્રાચીન સંસ્કૃતિ ઉત્તમ ભેટ છે પરંતુ આધુનિક યુગમાં આપણી પ્રાચીન સંસ્કૃતિ જોવા મળે છે ખરી? આપણી ભાષા.વેશભૂષા.ઉત્સવો. નૈતિક મૂલ્યો અને સાહિત્ય એ આપણી ઓળખ છે ઋષિમુનિ , ધર્મ ચિંતકોનાં વિચારથી ચાલતો પ્રવાહ આજે આધુનિક અને પશ્ચિમી સંસ્કૃતિનાં આંધળા અનુકરણ તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે નમસ્કાર ની પરંપરા hii. Hello.માતૃભાષાનું શિક્ષણ અંગ્રેજી ઢબથી,ખોરાક અને પોશાકનો વિચાર જ ચિંતાતુર છે ધાર્મિક તહેવારનું મુલ્યહિન ઉજવણીની પશ્ચિમી અનુકરણ થી સમાજને અધોગતિ તરફ લઈ જાય છે આજે વિશ્વનાં દેશો ભારતીય સંસ્કૃતિ અપનાવીને પ્રગતિશીલ બની રહ્યા છે જ્યારે આપણે સંસ્કૃતિના મુલ્યને ભૂલીને પાછળ જઈ રહ્યાં છે જગતનો સર્વોતમ ગ્રંથ શ્રીમદભગવતગીતા એ કોર્ટમાં જ રહી ગઈ છે.આધુનિકતા અને ટેકનોલોજી વર્તમાન સમયમાં જરૂરી છે પરંતુ તે પરંપરાગત મૂલ્યો અને સંસ્કૃતિના ભોગે ન હોવી જોઈએ.જેમ મૂળ વિનાનું વૃક્ષ ટકી શકતું નથી તેમ સંસ્કૃતિ વિનાનો વિકાસ અસ્થાયી છે આધુનિક અભિગમ સાથે સંસ્કૃતિના ઉચ્ચ મૂલ્યોનો સમન્વય સાધીને કાર્યશૈલી અપનાવવામાં આવે ત્યારે જ વિશ્વગુરુ ની દિશામાં હિતાવહ પરિણામ પ્રાપ્ત થઈ શકશે. સાંસ્કૃતિક વારસાનું જતન કરવું એ જ આવનારી પેઢી માટે શ્રેષ્ઠ ભેટ છે.

નવસારી- વિરલકુમાર ટંડેલ